GJGS020033282023

**રે.દિ.મુ.નં.૧૩૯/૨૦૨૩**

**આંક–૨૮ હેઠળ હુકમ**

**(૧)** આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ હાલની અરજી લાવેલ છે, જે અરજીની વિગત એવી છે કે, આ કામના વાદી ધ્વારા સી.પી.સી.ના આજ્ઞાત્મક પ્રબંધો વિરુધ્ધના સ્વરૂપ અનુસાર દાવો રજુ કરવામાં આવેલ છે અને વાદી ધ્વારા જે રીતે દાવો દાખલ કરવામાં આવેલ છે તે રીતના સ્વરૂપનો અભ્યાસ કરતા વાદી ધ્વારા રજીસ્ટર્ડ વસીયતનામાને ગેરકાયદેસર ઠરાવવા બાબતે દાદ માંગવામાં આવેલ છે, વસીયતનામુ તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ અનુક્રમ નં. ૨૫૧૪ થી વેરાવળ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી સમક્ષ નોંધવામાં આવેલ છે જયારે વાદી ધ્વારા દાવો તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ છે સબબ પ્રથમ દર્શને જ વાદીના દાવાને મુદ્ધતનો બાધ નડે છે.

**(૧.૧)** વધુમાં જણાવેલ છે કે, ઉપરની તમામ વિગતે વાદીના દાવા માહેના નિવેદન–કથન તથા દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કરતા દાવો સી.પી.સી.ના આજ્ઞાત્મક પ્રબંધો તેમજ ધી સ્પેસીફીક રીલીફ એકટ અને મુદ્ધત અધિનિયમના અજ્ઞાત્મક પ્રબંધો અનુસારનો બનતો નથી કે જણાતો નથી, પરંતુ કાયદાના અજ્ઞાત્મક પ્રબંધો વિરુધ્ધનો વાદીનો દાવો બને છે. વાદીના દાવાનું કારણ કાયદા અનુસાર ઉત્પન્ન થતુ નથી અને હકિકતના મુદ્ધા ઉપર જો દાવાનું કારણ ઉત્પન્ન કરવામાં આવેલ હોવાનું ગણવામા આવે તો તે રજુઆતને કાયદાનું ચોકકસ સમર્થન હોવુ જોઇએ તથા તે રજુઆત મુદ્ધત હરોળમાં હોવી જોઇએ, જયારે વાદી ધ્વારા દર્શાવવામાં આવેલ દાવાના કારણનો અભ્યાસ કરતા તે હકિકત સ્પષ્ટ બને છે કે વાદીના દાવાના દાવાનું કારણ સક્ષમ કે સબળ નથી. સબબ, વાદી ધ્વારા મુદતના કાયદા વિરુધ્ધની રજુઆતો સાથે કાયદા વિરુધ્ધ દાવાનું કારણ ઉત્પન્ન

કરી નામદાર કોર્ટ સમક્ષ દાવો રજુ કરવામાં આવેલ હોવાથી નામદાર કોર્ટની હકુમત મર્યાદિત તથા પ્રતિબંધિત બને છે અને ઉપરની તમામ વિગતે દાવો અયોગ્ય સ્વરૂપનો હોવાથી નામદાર અદાલતની હકુમત સ્પષ્ટ રીતે પ્રતિબંધિત અને મર્યાદિત બને છે તેવા સંજોગોમાં હાલનો દાવો ચલાવવા કે નિર્ણીત કરવા નામદાર કોર્ટને હકુમત પ્રાપ્ત થતી નથી અને હાલની અરજીને મુદત કે હકુમતનો બાદ નથી.

**(૧.૨)** ઉપરની તમામ વિગતે નામદાર કોર્ટને સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧(એ) તથા (ડી) તળે હાલનો દાવો રદ કરવા સ્પષ્ટ હકુમત છે અને દાવાનું સ્વરૂપ નામદાર અદાલતની હકુમત તદન મર્યાદિત બનાવે છે તેવા સંજોગોમાં દાવો રદ થવાને પાત્ર બને છે. જેથી અરજી લાવી અરજ કરેલ કે, (અ) વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(એ) તથા (ડી) તળે તથા કલમ–૧૫૧ ની નામદાર કોર્ટની વિવેકબુધ્ધિની સત્તા અનુસાર દાવો રદ યાને નામંજુર કરી પ્રતિવાદીઓને ખાસ ખર્ચ અપાવવા હુકમ ફરમાવવા તેમજ (બ) આ અરજીને અનુલક્ષીને મળી શકતી તમામ તેમજ સઘળી દાદ અપાવવા તેમજ આ અરજી તથા દાવાનું તમામ ખર્ચ અપાવવા અરજ કરેલ.

**(૨)** સદર કામે પ્રતિવાદી નં. ૧ થી ૪ ની હાલની અરજી સામે વાદી ધ્વારા પોતાના વાંધા જવાબ આંક–૩૨ થી રજુ કરેલ છે, જેમાં તેઓએ પ્રતિવાદી નં. ૧ થી ૪ ની અરજીની હકિકતો ખરી તેમજ કાયદેસરની ન હોવાનું જણાવી વિશેષમાં જણાવેલ છે કે, વાદીના પિતાશ્રી ગોવિંદભાઈ કરશનભાઈ બારડની વારસાઈથી વડીલોપાર્જીત માલિકીની ખેતીની જમીનમાંથી વાદીનો ૧/૮ મો ભાગ (હિસ્સો) મેળવવા માટે વેરાવળના નામદાર પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મું.નં.૩૬/૨૦૧૬ થી તા.૦૫/૦૮/૨૦૧૬ના રોજ દાવો દાખલ કરેલ અને સદરહુ દાવો વાદીની ગેરહાજરીના કારણે તા.૨૩/૦૧/૨૦૧૮ના રોજ ડીસમીસ થયેલ અને ત્યારબાદ વાદીના તેમજ પ્રતિવાદીઓના પિતાશ્રી ગોવિંદ ભાઈ કરશનભાઈ બારડનું તા.૦૮/૦૮/૨૦૨૦ના રોજ અવસાન થયેલ અને

ત્યારબાદ વાદીએ સદરહુ સ્પે.દિ.મું.નં.૩૬/૨૦૧૬ના કામમાં તા.૨૩/૦૧/૨૦૧૮ ના રોજ થયેલ ડીસમીસ ઓર્ડર સામે વાદીએ ગુજ. ગોવિંદભાઈ કરશનભાઈ બારડના વારસો સામે ફરી ફાઈલે લેવાની અરજી વિલંબ માફીની અરજી સાથે દિ.પ. અ.નં.૧૫/૨૦૨૪ થી અરજી કરેલ અને જે હાલ ગતિમાં છે અને જે હકીકત પ્રતિવાદીઓ જાણતા હોવા છતા વાદીના તેમજ પ્રતિવાદીઓના પિતાશ્રી ગોવિંદ ભાઈ કરશનભાઈ બારડની ઉમર ૯૫ વર્ષની હતી અને તેઓ હાલી–ચાલી પણ શકતા ન હતા અને શારીરીક રીતે અશકત હતા. વધુમાં તેઓએ જણાવેલ કે, તેનો લાભ લઈ ઉપરોકત જમીનો વડીલોપાર્જીત હોવા છતાં સ્વતંત્ર માલિકીની જમીનો બતાવીને આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ એ ઈરાદાપુર્વક તેઓની તરફેણમાં અનું.નં.૨૫૧૪ તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ ગેરકાયદેસર રીતે વીલ યાને વસીયતનામું કરાવી લીધેલ અને જેની નોંધ મામલતદારશ્રી વેરાવળએ વીલનું પ્રોબેટ મેળવેલ ન હોવાના કારણે તા.૨૯/૦૬/૨૦૨૧ના રોજ નોંધ રદ થયેલ અને ત્યારબાદ આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૪ એ મામલતદારશ્રી વેરાવળના નોંધ રદ કર્યાના કારણ સામે વેરાવળના નાયબ કલેક્ટર સાહેબની કોર્ટમાં આર.આર.ટી. અપીલ નં.૮૨/૨૦૨૧ થી તા. ૧૫/૦૭/૨૦૨૧ ના રોજ દાખલ કરેલ અને સદરહુ અપીલમાં મામલતદારશ્રી વેરાવળએ તા.૨૯/૦૬/૨૦૨૧ ના "ના મંજુર" નો લીધેલ નિર્ણય કાયમ રાખેલ એટલે કે અપીલ રદ કરેલ અને ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ એ વેરાવળના નાયબ કલેકટર સાહેબની કોર્ટના આર.આર.ટી. અપીલ નં.૮૨/૨૦૨૧ ના કામમાં તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજના હુકમ સામે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૪ એ ગીર સોમનાથ જીલ્લાના જીલ્લા કલેકટર સાહેબની કોર્ટમાં ઉપરોકત કેસોની હકીકતો છુપાવીને આર.આર.ટી. રીવીઝન નં.૨૯/૨૦૨૨ થી તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ અને સદરહુ રીવીઝન તા.૦૬/૦૬/૨૦૨૨ના રોજ મંજુર કરેલ, જેના કારણે સદરહુ જમીનો પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામો હકક પત્રકમાં દાખલ કરાવી લીધેલ, જેથી વાદીએ ગીર સોમનાથ જીલ્લાના જીલ્લા કલેકટર સાહેબની કોર્ટમાં આર.આર.ટી. રીવીઝન નં.૨૯/૨૦૨૨ ના કામમાં તા.૦૬/૦૬/૨૦૨૨ના રોજ થયેલ હુકમની

જાણ વાદીને થતાં ગીર સોમનાથ જીલ્લાના જીલ્લા કલેકટર સાહેબની કચેરીમાંથી ઉકત હુકમની ખરી નકલો મેળવીને વાદીએ અમદાવાદના નામદાર મહેસુલ વિભાગ ના ખાસ સચિવશ્રી વિવાદ સમક્ષ રીવીઝન અરજી નં.HKP/GIR/9/2023 થી રીવીઝન અરજી દાખલ કરેલ છે જે હાલ ગતિમાં છે અને વાદવાળું વીલ રજીસ્ટ્રેશન ના કાયદા મુજબ અત્યંત ગોપનીય (Confidential) હોય જેથી કરેલ વીલની કોઈપણને માહિતી ન હોય અને સદરહુ વીલની માહિતી વાદીએ કલેકટર સાહેબશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી ગીર સોમનાથમાં કરતા અને જીલ્લા કલેકટર સાહેબશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૦૪/૦૧/૨૦૨૩ના રોજ તેઓને માહિતી આપતા તેઓને જાણ થયેલ છે અને જેથી તેઓએ કરેલ હાલના દાવાને મુદતનો બાધ નડતો નથી. વધુમાં તેઓએ જણાવેલ કે, આમ ઉપરોકત હકીકતો ધ્યાને લઈ આ દાવાની તમામ હકીકતો તેમજ તમામ બાબતો પુરાવાના આધારે નકકી થઈ શકે તેમ છે અને તેવું તેમનુ નમ્રપણે માનવું છે અને હાલની અરજી મંજુર કરવામાં આવે તો વાદી તેમની વડીલોપાર્જીત ખેતીની જમીનમાંથી તેમનો ૧/૮ હિસ્સો મેળવવાથી વંચિત રહી જાય તેમ છે અને સદરહુ વીલ બનાવટી અને ગેરકાયદેસરનું પુરવાર થઈ શકે નહી અને ન્યાયનો હેતું જળવાય તેમ નથી, જેથી હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ અને હાલનો દાવો યેન–કેન પ્રકારે લંબાવવા માટે હાલની ખોટી અરજી કરેલ છે જેથી હાલની આ અરજી રદ કરવા અરજ કરેલ.

(૩) હાલની અરજી સી.પી.સી. હુ.૭ નિ.૧૧(એ તથા ડી) મુજબની અરજી આપેલ હોય તે અંગે કાયદાની જોગવાઈ જોઈએ તો,

<u>સી.પી.સી. હુકમ–૭ (દાવાઅરજી નામંજૂર કરવી) :–</u>

નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજૂર કરવી જોઈએ.

(એ) જયારે તેમાં દાવાનું કારણ ન જણાવાયું હોય,

(બી) ............,

(સી) ............,

(ડી) દાવા–અરજીમાં લખેલાં મજકૂર ઉપરથી એમ જણાય કે કોઈ

કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે.

(ઇ) ........

(એફ) ........

પરંતુ મૂલ્યાંકન સુધારવા અને જરુરી સ્ટેમ્પવાળા કાગળો રજૂ કરવા માટે ન્યાયાલયે નક્કી કરેલ સમય વધારી આપવામાં આવશે નહીં. સિવાય કે લેખિત નોંધ કરવાના કારણોસર ન્યાયાલયને એવી ખાતરી થાય કે કોઇ અસાધારણ પ્રકારના કારણસર વાદી ન્યાયાલયે નક્કી કરેલા સમયની અંદર યથાપ્રસંગ, મૂલ્યાંકન સુધારી શક્યો ન હતો અથવા જોઇતા સ્ટેમ્પવાળા કાગળો રજૂ કરી કરી શક્યો ન હતો અને એવો સમય વધારી આપવાની ના પાડવાથી વાદીને ગંભીર અન્યાય થાય તેમ છે.

**(૪)** આ અંગે સી.પી.સી. હુ.૭ નિ.૧૧(એ અને ડી) મુજબ છે જેમાં "એ" મુજબ દાવાનું કારણ ના જણાવેલ હોય તેમજ "ડી "મુજબ *દાવા–અરજીમાં લખેલાં મજકૂર ઉપરથી એમ જણાય કે કોઇ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે* તો દાવા અરજી નામંજૂર કરવી જોઇએ. આમ, આ સ્પષ્ટ જોગવાઇ છે કે, દાવા અરજી માં લખેલ મજકૂર એટલે કે, દાવા અરજીમાં વાદીએ જે કોઇ હકીકત જણાવેલ હોય તે અને દાવા અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ હોય તે હકીકત આવી અરજીના નિકાલ માટે ધ્યાને લેવાની છે. આમ, ઉપરોક્ત વિગતે આંક–૧ વાળી દાવાઅરજી તેમજ દાવાઅરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો આ તબક્કે ધ્યાને લેવાના રહે છે.

**(૫)** પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ટી.પી.પંડયાએ તેઓની અરજી મુજબની રજુઆત કરી વધુ દલીલ કરેલ છે કે, વસીયતનામુ રજીસ્ટર કરાવેલ હોય, જેથી તે જાહેર દસ્તાવેજ ગણાય છે અને તેથી આ દસ્તાવેજને રદ કરવાનો દાવો સમય મર્યાદાના કાયદા મુજબ ત્રણ વર્ષમાં કરવો જોઇએ. પરંતુ હાલના કેસમાં

વસીયતનામુ તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ નોંધાવેલ છે ત્યારબાદ હાલનો દાવો તા.૦૬/૦૯/૨૦૨૩ એટલે કે ત્રણ વર્ષ બાદ દાખલ કરેલ હોય, વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાનો સ્પષ્ટ બાધ નડે છે. તેમજ વાદીને દાવો કરવાનું કારણ પણ કોઇ ઉપસ્થીત થતુ નથી. જેથી હાલની અરજી મંજુર કરી વાદીનો દાવો રદ કરવા રજુઆત કરેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે. જે માનસહ વંચાણે લીધા.

(૧) નામદાર ગુજરાત હાઇકોર્ટનો રે./સીવીલ રીવીઝન એપ્લીકેશન નં.૪૨૫/૨૦૧૬, નરેશભાઇ જીવાલ ભાઇ પટેલ વિ. વલ્લભભાઇ કોયાભાઇ પટેલ.

સદર ચુકાદો રજુ કરી રજુઆત કરેલ છે કે, જયારે દસ્તાવેજ રજીસ્ટર્ડ હોય ત્યારે તે દસ્તાવેજ જાહેર દસ્તાવેજ ગણાય છે અને તે દસ્તાવેજ રદ કરવા માટેની સમય મર્યાદા ૩ વર્ષની છે.

(૨) ૨૦૦૮(૩) જી.એલ.એચ. ૨૨૬ સુ.કો. ગુજ. લછમન સીંઘના કાયદેસર વારસદાર અને અન્ય વિરુધ્ધ ગુજ. હજારાસીંઘના કાયદેસરના વારસદાર અને અન્ય.

સદર ચુકાદો રજુ કરી રજુઆત કરેલ છે કે, જો દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય તો તેવા દાવાની ન્યાયિક કાર્યવાહી નામદાર કોર્ટ આગળ ચલાવી શકે નહી.

(૩) ૨૦૦૩(૧) એસ.સી.સી. ૫૫૭ સલીમભાઇ અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને બીજાઓ.

સદર ચુકાદો રજુ કરી રજુઆત કરેલ છે કે, સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબની અરજી દાવાના નિર્ણય પહેલાના કોઇપણ તબકકે નામદાર કોર્ટ સાંભળી નિર્ણય કરી

શકે છે.

**(૫.૧)** વાદી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.ડી.લાખાણી તરફે તેઓના આંક–૩૨ મુજબ રજુ કરેલ વાંધા જવાબ મુજબ રજુઆત કરી વધુ દલીલ કરેલ છે કે, સમય મર્યાદાનો મુદ્દો એ હકિકત અને કાયદાનો મિશ્ર મુદ્દો હોય પુરાવાના અંતે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ તેનો નિર્ણય થઇ શકે. જેથી પ્રતિવાદીઓની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે. જે માનસહ વંચાણે લીધા.

(૧) ૨૦૧૮(૦) એ.આઇ.જે.ઇ.એલ. ગુજરાત એચ.સી. ૨૩૯૫૯૯, ગુજરાત મેરી ટાઇમ બોર્ડ વિરુધ્ધ જોગાડીયા પોલીમેર્સ પ્રા.લી.

(૨) ૨૦૨૩(૦) એ.આઇ.જે.ઇ.એલ. ગુજરાત એચ.સી. ૨૪૭૦૪૧, રામશ્યામ ટ્રેડર્સ વિરુધ્ધ કમળાબેન રમણભાઇ પટેલ.

સદર બન્ને ચુકાદા રજુ કરી રજુઆત કરેલ છે કે, સમય મર્યાદાનો મુદ્દો એ હકિકત અને કાયદાનો મિશ્ર મુદ્દો હોય પુરાવાના અંતે વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ તેનો નિર્ણય થઇ શકે.

**(૫.૨)** હાલના કેસમાં જોઇએ તો પ્રતિવાદીએ તેઓની હાલની અરજીમાં વાદીએ તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ અનુક્રમ નં. ૨૫૧૪ થી નોંધાયેલ વિલ યાને વસીયાતનામુ ગેરકાયદેસરનું ઠરાવવા માટે દાદ માંગેલી છે. આ વીલ/વસીયતનામુ તા.૧૮/૦૪ /૨૦૧૯ ના રોજ નોંધાયેલ હોવા બાબતે કોઇ તકરાર નથી. પરંતુ વાદીએ તેઓની દાવા અરજીમાં ઉલ્લેખ કરેલ છે કે, ''ગીર સોમનાથ જીલ્લાના જીલ્લા કલેકટર સાહેબની કોર્ટમાં આર.આર.ટી. રીવીઝન નં. ૨૯/૨૦૨૨ ના કામે તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ થયેલ હુકમની જાણ અમો વાદીને થતા ગીર સોમનાથ જીલ્લાના જીલ્લા કલેકટર સાહેબની કચેરીમાંથી ઉકત હુકમની ખરી નકલો

મેળવીને અમો વાદીએ અમદાવાદના નામદાર મહેસુલ વિભાગના ખાસ સચિવશ્રી વિભાગ સમક્ષ રીવીઝન અરજી નં. HKP/GIR/ 9/2023 થી રીવીઝન અરજી દાખલ કરેલ છે. જે હાલ ગતીમાં છે. એટલે કે વાદીએ તેઓની દાવા અરજીમાં તેઓને રજીસ્ટર્ડ વીલ/વસીયતનામા બાબતે તા.૦૬/૦૬/૨૦૨૨ બાદ જાણ થયેલાનું કથન કરેલુ છે. વધુમાં રજીસ્ટર્ડ નં. ૨૫૧૪, તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજનું વીલ વાદી તથા પ્રતિવાદીઓના પિતા ગોવિંદભાઇ કરશનભાઇ બારડનાઓએ પ્રતિવાદી ઓની તરફેણમાં લખી આપેલ અને ગોવિંદભાઇ કરશનભાઇ બારડ તા.૦૮/૦૮/૨૦૨૦ ના રોજ અવસાન પામેલા છે તેવી હકિકત દર્શાવેલ છે. કોઇ પણ વીલ/ વસીયતનામુ તે કરનારના મૃત્યુ પછીથી અમલમાં આવે છે. એટલે કે, ગોવિંદભાઇ કરશનભાઇ બારડનાઓ તા.૦૮/૦૮/૨૦૨૦ ના રોજ અવસાન પામેલ ત્યાર બાદથી તેઓએ કરેલ વીલની અમલવારી થઇ શકે. વાદીએ હાલનો દાવો તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ કરેલો છે. એટલે કે ગોવિંદભાઇ કરશનભાઇ બારડ તા.૦૮/૦૮/૨૦૨૦ ના રોજ મરણ ગયેલ ત્યારબાદ ૩ વર્ષ અને ૨૮ દિવસ બાદ હાલનો દાવો દાખલ કરેલ છે. વધુમાં વાદી તરફે નિશાની ૩/૧૮ થી ગામ નમુના નં. ૬ હકક પત્રકની નકલ રજુ કરેલ છે. જેની નોંધ નં. ૧૯૬૨, તા.૧૬/૦૪/ ૨૦૨૧ ના રોજની વસીયત નોંધની અસર આપ્યાની નોંધ છે, જેમાં ગોવિંદભાઇ કરશનભાઇ બારડના ખાતાની જમીન ગીગાભાઇ ગોવિંદભાઇ બારડ, જગમાલભાઇ ગોવિંદભાઇ બારડ, નાજાભાઇ ગોવિંદભાઇ તથા અરજણભાઇ ગોવિંદભાઇના હિસ્સે ગયેલ હોવાની નોંધ હોવાનું જણાય છે. વીલ/વસીયતનામાની અમલવારી તે વ્યકિતના મૃત્યુ બાદ થાય છે. ગોવિંદભાઇ કરશનભાઇ બારડ તા.૦૮/૦૮/ ૨૦૨૦ ના રોજ મરણ ગયેલા છે અને વસીયતનામાની રેવન્યુ રેકર્ડ અસલ તા.૧૬/૦૪/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે. વધુમાં વાદીએ તેઓની દાવા અરજીના કથનમાં તેઓને વીલ/વસીયતનામાની જાણ ન હતી પરંતુ આર.આર. ટી. રીવીઝન નં. ૨૯/૨૦૨૨ ના કામે થયેલ તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ થયેલ હુકમથી જાણ થયેલ હોવાનું જણાવે છે ત્યારે હાલના કેસમાં સમય મર્યાદાનો મુદ્દો એ કાયદા અને હકીકતનો મીશ્ર મુદ્દો હોવાનું જણાય છે.

(૫.૩) પ્રતિવાદી તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટનો રે./સીવીલ રીવીઝન એપ્લીકેશન નં.૪૨૫/૨૦૧૬, નરેશભાઈ જીવાલ ભાઈ પટેલ વિ. વલ્લભભાઈ કોયાભાઈ પટેલનો ચુકાદો રજુ કરેલ છે. જેમાં પણ રજીસ્ટર્ડ વીલ બાબતેની ચર્ચા થયેલી છે. પરંતુ તે કેસમાં પણ નીચે મુજબની ચર્ચા થયેલી છે.

> Here, this Court would like to refer to Article 59 of the Limitation Act which prescribes limitation of three years to cancel, or set aside an instrument, or decree for the rescission of a contract, when the facts entitling the plaintiff to have the instrument or decree cancel or set aside, or the contract rescinded first becomes known to him. A written statement in the previous suit ie., Regular Civil Suit No. 6 of 2010 was filed by the defendant on 25th June 2010 and from this date, the plaintiff was aware of the execution of a Will in favour of the defendant dated 21st July 2007, as declared in the written statement. No prayer was thereafter made by the plaintiff within a period of three years; as admittedly, the suit was filed on 28th September 2015.
>
> Here also, the plaintiff was aware of the fact of execution of a Will dated 21st July 2007 in favour of the defendant, however, it was challenged by the plaintiff by filing the present suit on 28th September 2015. Thus, from the averments C/CRA/425/2016 JUDGMENT made by the plaintiff, the present suit was

clearly barred by the law of limitation; more particularly Article 59 thereof. No further evidence from the plaintiff's side would be required, or would be permitted to be raised by the plaintiff for passing any declaration by the Court in respect of the Will.

આમ, પ્રતિવાદી તરફે રજુ કરેલ ચુકાદામાં વાદીએ અગાઉના દાવાથી જ વીલ બાબતે જાણ હતી તેથી નામદાર હાઈકોર્ટ સમક્ષના કેસમાં સમય મર્યાદાના કાયદાનો બાધ નડતો હોવાનું ઠરાવેલ છે. પરંતુ હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીને આર.આર.ટી. રીવીઝન કેસ નં. ૨૯/૨૦૨૨ ના તા.૦૬/૦૬ /૨૦૨૨ ના હુકમ બાદ વીલ અંગે જાણ થતા તેઓએ જરૂરી પેપર્સ મેળવી હાલનો દાવો કરેલાનું જણાવેલ હોય ત્યારે પ્રતિવાદીએ રજુ કરેલ સદર ચુકાદો તેઓને મદદરૂપ બનતો નથી.

(૬) વધુમાં પ્રતિવાદી તરફે હાલની અરજીમાં વાદીને દાવો કરવાનું કારણ ઉપસ્થીત થયેલ નહી હોવાનું જણાતા વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે, ત્યારે વાદીની દાવા અરજી સંપુર્ણ વંચાણે લેતા દાવા અરજીમા દાવાનું કારણ અલગથી દર્શાવેલ નથી. પરંતુ દાવાનું કારણ એ બંડલ ઓફ ફેકટ હોવાનું અનેક ચુકાદામાં ઠરાવેલ છે. વાદીની દાવા અરજી વંચાણે લેતા આ કામના પ્રતિવાદીઓ એ વાદી અને પ્રતિવાદીઓના પિતા ગોવિંદભાઈ કરશનભાઈ બારડના ગેરકાયદેસર વીલ/વસીયતનામાથી પ્રતિવાદી નં. ૧ થી ૪ ના નામ રેવનયુ રેકર્ડ દાખલ કરેલ હોવાનું પણ દસ્તાવેજ વંચાણે લેતા જણાય છે ત્યારે માત્ર દાવા અરજીમાં અલગથી તારણ દર્શાવેલ નહી હોવા માત્રથી વાદીને દાવો કરવાનું કારણ ઉપસ્થીત થતુ નથી તેવુ માની શકાય નહી.

(૭) આમ, કાયદાની જોગવાઈ જોતા વાદીની તકરાર એ હકીકત અને કાયદાનો

મિશ્ર પ્રશ્ન હોય તેથી તે અંગેનો નિર્ણય પુરાવો લીધા સિવાય નિર્ણીત થઈ શકે તેમ નથી અને પુરાવો લીધા સિવાય હાલના તબકકે પ્રાથમીક સ્ટેજે વાદીનો દાવો રદ કરવો કોઈપણ રીતે યોગ્ય કે વ્યાજબી જણાતુ નથી, તેમજ પ્રતિવાદી તરફે હાલની અરજીમાં વાદીના દાવાનું કારણ સક્ષમ અને સબળ નહી હોવાની તકરાર લેવામાં આવેલ છે. જે અનુસંધાને વાદીની દાવા અરજી જોવામાં આવે તો ઉપરોકત ચર્ચા મુજબ વાદીને દાવો ફરવાનું કારણ પણ ઉપસ્થીત થયેલ હોવાનું જણાય છે. જેથી પ્રતિવાદીની તકરાર પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૮) આમ, ઉપરોકત તમામ હકીકૃત ધ્યાને લેતા વાદી દ્ધારા તેમના દાવામાં દાવાનું કારણ યોગ્ય રીતે જણાવેલ હોય તેમજ વાદીના દાવાને સ્પષ્ટપણે કોઈ ફાયદાનો બાધ નડતો હોવાની હકીકત પણ પ્રતિવાદી પ્રસ્થાપિત કરી શકેલ ન હોય તે તમામ સંજોગો ધ્યાને લેતા પ્રતિવાદીની હાલની સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭, રૂલ–૧૧ (એ) તથા સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) હેઠળની અરજી ગ્રાહય રાખવાપાત્ર જણાતી ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

**(૧)** પ્રતિવાદીની આંક–૨૮ ની સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(એ) તથા સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૦૨, માહે : મે, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૨/૦૫/૨૦૨૫
મુ.વેરાવળ.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
વેરાવળ
કોડ નં. જી.જે.–૦૦૮૭૭